# ગણપત યુનિવર્સિટીના યજમાનપદે યોજાયેલા 'સતરંગ-ધ યુનિફેસ્ટ' યુથ ફેસ્ટિવલનું રંગેચંગે સમાપન






ગણપત વિદ્યાનગર, તા. ૧૫

પશ્ચિમ ભારતના ગોવા, મહારાષ્ટ્ર ગુજરાત ઝોનની ૩૯ યુનિવર્સિટીના કૂલ ૧૪૨૦ સ્પર્ધકો, ૮૦ પ્રબંધકો આ ૩૬મા ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી- વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલમાં સંગીત, નૃત્ય, સાહિત્ય, રંગમંચ અને લલિતકલા જેવા પાંચ ક્ષેત્રોની ૨૮ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. ગુજરાતની સૌથી આશાસ્પદ અને યુવા એવી ગણપત યુનિવર્સિટી દ્વારા છૈં-વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. છૈં-વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલના સમાપન સમારોહમાં ભૂતપૂર્વ IAS, ગુજરાત સાહિત્ય અકાદમીને સમર્પિત શ્રી ભાગ્યેશ ઝા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, ઝફસ્ફાઈન આર્ટ્સ કોલેજના સુકાની અને જાણીતા અભિનેતા-નિર્માતા શ્રી કનુભાઈ પટેલે સન્માનિત અતિથિ તરીકે આશીર્વાદ આપ્યા હતા, તો ગણપત યુનિવર્સિટીના જોઈન્ટ ડાયરેક્ટર જનરલ પ્રો. ડેનિયલ મોન્ટપ્લેસીર પણ આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં, ગણપત યુનિવર્સિટીના પ્રમુખ પદ્મ ડો. ગણપતભાઈ પટેલ, ગણપત યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્મા, પ્રો વાઈસ ચાન્સેલર ડૉ. આર.કે. પટેલ, પ્રો વાઈસ ચાન્સેલર અને એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ, પ્રો વાઈસ ચાન્સેલર ડો. સૌરભ દવે, જોઈન્ટ એક્ઝિક્યુટિવ રજીસ્ટ્રાર ડો. ગીરીશભાઈ પટેલ, વિવિધ સંસ્થાઓના ડેપ્યુટી પ્રો-વાઈસ ચાન્સેલરો, વિવિધ ફેકલ્ટીના એક્ઝિક્યુટિવ ડીન અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું યુટ્યુબ, ફેસબુક અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ ટેલિકાસ્ટ પણ થયું હતું. સમાપન સમારોહની શરૂઆત ઈશ્વરવંદના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ચૂંટેલા વિદ્યાર્થી દ્વારા મિમિક્રી અને જીદ્દહૃ મહિલા યુનિવર્સિટી દ્વારા સમૂહ દીપનૃત્યનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ક્ષણે યુનિવર્સિટીનું આખું પરિસર ઉમંગ અને ઉલ્લાસથી ભરાઈ ગયું હતું. સમાપનમાં આ સમારોહના આસિસ્ટન્ટ ડાયરેક્ટર અને ઈવેન્ટ ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી શ્રી કમલેશ પટેલે વિવિધ યુનિવર્સિટીના મહેમાનો, સહભાગીઓ અને તેમના પ્રબંધકોનું સ્વાગત કર્યું હતું. કમલેશ પટેલે આ કાર્યક્રમનો વિગતવાર અહેવાલ આપ્યો હતો. તેમણે વિશેષ ઉલ્લેખ કરતાં કહ્યું કે આ ૩૬મા AIU- વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલમાં ૩૯ યુનિવર્સિટીમાંથી ૧૪૨૦ વિદ્યાર્થી-સ્પર્ધકોએ ભાગ લીધો હતો તે આજ દિન સુધીનો એક વિક્રમ છે. ત્યારબાદ કેટલાક સ્પર્ધકો, પ્રબંધકો અને સ્પર્ધાના ન્યાયાધીશોએ પોતાના પ્રતિભાવ આપતા ગણપત યુનિવર્સિટીના આતિથ્ય-સત્કાર અને સુવિધાના મોંફાટ વખાણ કર્યા હતા. અતિથિ વિશેષ કનુભાઈ પટેલે તેમના વક્તવ્યની શરૂઆત ગુરુ રવિન્દ્રનાથ ટાગોરના શબ્દોથી કરી હતી અને તમામ વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થીઓને ઉર્જાવાન મહાસાગરની ઉપમા આપી હતી. તેમણે કહ્યું કે 'જેઓ માત્ર પક્ષીની આંખ જુએ છે તે જ વિજેતા બને છે.' તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા અને સખત પરિશ્રમ, ધૈર્ય અને દૃઢ નિશ્ચયથી પોતાનો માર્ગ જાતે કંડારવા આવાહન કર્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાન ભાગ્યેશ ઝાએ ગણપતભાઈ પટેલની પ્રશંસા કરી અને તેમને પ્રધાનમંત્રીની કાર્યશૈલી સાથે સરખાવતા કહ્યું કે 'દાદા એવા યુવા છે કે જ્યારે તમે તેમની સાથે બેસો ત્યારે તમને સતત ઉર્જાનો અનુભવ થાય.'

# ઈડરમાં લગ્નના જમણવારમાં ફૂડ પોઈઝનિંગથી તંત્ર સેમ્પલ લેવા દોડયું

## ૨૪ કલાકનો સમય વીતી જતાં હાથ ખાલી, અસરગ્રસ્તોના નિવેદનો ઉપર તપાસ

બાયડ, તા.૧૫

ઈડરમાં યોજાયેલા લગ્ન પ્રસંગમાં પીરસવામાં આવેલું ભોજન આરોગ્યા પછી કેટલાક લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થતાં ફૂડ વિભાગ સેમ્પલ લેવા માટે દોડયું હતું. ફૂડ વિભાગ દ્વારા ૨ ફૂડ ઈન્સ્પેક્ટરોને દોડાવીસેમ્પલ લેવાની તજવીજ શરુ કરવામાં આવી હતી પરંતુ ઘટનાના ૨૪ કલાકનો સમય વીતી જતાં તંત્રના હાથ ખાલી રહ્યા છે. હવે માત્ર અસરગ્રસ્તોના નિવેદનો ઉપર તપાસ આગળ વધી રહી છે.

જિલ્લામાં લગ્નસરાની સીઝન પૂરજોશમાં શરુ થઈ તે સાથે હજારોની સંખ્યામાં આયોજીત થતા ભોજન સમારંભોમાં માવાની વિવિધ પ્રકારની મીઠાઈઓ ઉપરાંત અન્ય ચીજવસ્તુઓ આમંત્રિતોને પીરસવામાં આવી રહી છે. મોટાભાગના લગ્નના ઓર્ડર જાણીતા કેટરર્સને આપી દેવામાં આવતા હોવાથી માવા સહિતની ગુણવત્તા જળવાતી ન હોવાથી ભોજન સમારંભો પછી ફૂડ પોઈઝનિંગના કિસ્સા બહાર આવતા હોય છે. ઈડરના વલાસણા રોડ ઉપર ગાયત્રીનગર સોસાયટીમાં વિપુલ પંચાલના ઘરે લગ્નનો પ્રસંગ હોવાથી કોમન પ્લોટમાં ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો જેમાં રસોઈયાને બાસુંદી સહિતનો ઓર્ડર આપી દેવામાં આવ્યો હતો પરંતુ ભોજન સમારંભ પછી સ્થાનિક કેટલાક લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. પેટમાં દુખાવો, ઝાડા-ઊલટી તેમજ ચક્કર આવવાની ફરિયાદો સાથે છ જણાને સારવાર માટે ઈડરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફૂડ પોઈઝનિંગની અસરના કારણે ફૂડ વિભાગ હરકતમાં આવ્યું ખરુ પરંતુ ફૂડ પોઈઝનિંગની જાણ તંત્રને મોડેથી થઈ હતી. ભોજન સમારંભ પૂર્ણ થયો ત્યાંથી ફૂડ પોઈઝનિંગની અસર સુધી ૨૪ કલાકનો સમયગાળો વીતી ગયો હોવાથી સેમ્પલ લેવા માટે દોડેલા ફૂડ ઈન્સ્પેક્ટરોની ટીમને કશું જ હાથ લાગ્યું ન હતું. લગ્ન પ્રસંગમાં બાસુંદી, પાણીપૂરી સહિતના ભાવતા ભોજન પીરસવામાં આવ્યાં હોવાથી હજુ સુધી ખુદ તંત્ર પણ શું આરોગવાથી ફૂડ પોઈઝનિંગની અસર થઈ તે નક્કી કરી શક્યું નથી. સંભવિત રીતે બાસુંદીમાં ઉપયોગમાં લેવાયેલ માવાની ગુણવત્તા સામે શંકા સાથે ફૂડ વિભાગ દ્વારા સેમ્પલ ન મળવાના કારણે હવે અસરગ્રસ્તોના નિવેદનો નોંધી તપાસ શરુ કરવામાં આવી છે.

### અસરગ્રસ્તોના નામ

હસમુખભાઈ બી. સગર
રોહનભાઈ જી. સગર
રુપલબેન બી. સગર
પૂજાબેન સગર
જયકુમાર સગર
પાયલબેન જે. સગર
તેજસ સગર
(તમામ રહે.ઈડર સગરવાડા)

### ફૂડ વિભાગને બાસુંદીનું સેમ્પલ પણ ન મળ્યું

ઈડરમાં લગ્ન પ્રસંગમાં ભોજન આરોગ્યા પછી છ જણને ફૂડ પોઈઝનિંગની અસર થતાં દોડધામ મચી હતી. ઘટનાના ૨૪ કલાક વીતી ગયા હોવાથી ભોજન સમારંભ સ્થળેથી તંત્રને કોઈ સેમ્પલ મળ્યાં ન હોવાથી ફૂડ ઈન્સ્પેક્ટરોની ટીમ બાસુંદીનું સેમ્પલ લેવા માટે ઈડરની ભવાની રસમલાઈમાં પહોંચી પરંતુ સદર રસ મલાઈના માલિકે ઓર્ડરથી બાસુંદી બનાવી હોવાથી ત્યાં પણ કોઈ સેમ્પલ મળી આવ્યું ન હતું.

### બાસુંદી, પાણીપૂરી અને પીવાના પાણીથી ફૂડ પોઈઝનિંગ હોઈ શકે - જિલ્લા ફૂડ અધિકારી

જિલ્લા અધિકારી બી.એમ.ગણાવાએ જણાવ્યું હતું કે ઈડરમાં લગ્ન પ્રસંગના ભોજન સમારંભ પછી કેટલાક લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થતાં ફૂડ ઈન્સ્પેક્ટરોને તપાસ માટે દોડાવવામાં આવ્યા હતા પરંતુ ૨૪ કલાકનો સમય વીતી જતાં સેમ્પલ મેળવી શકાયા નથી પરંતુ બાસુંદી, પાણીપૂરી અથવા તો પીવાના અશુદ્ધ પાણીના કારણે ફૂડ પોઈઝનિંગની અસર સંભવી શકે છે.

# અંબાજી જય જલિયાણ સેવા કેમ્પમાં પરિક્રમા યાત્રીકોનો ભારે ઘસારો

## ૬૦ હજાર માઈ ભક્તોએ અલ્પાહારનો પ્રસાદ લીધો





ડીસા, તા. ૧૫

અંબાજી શક્તિપીઠ ગબ્બર ખાતે પાંચ દિવસીય ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો ધામધૂમ પૂર્વક આરંભ થયો છે.છેલ્લા ત્રણ દિવસથી માઈભકતો ગબ્બર પરિક્રમા માટે ઉમટી પડ્યા છે. આ અવસરે સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર શ્રી જલિયાણ સેવા કેમ્પ દ્વારા માઈ ભકતોનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવે છે. તેમજ અલ્પાહારના પ્રસાદની સુંદર વ્યવસ્થા ગબ્બર પરિક્રમા પથ કરવામાં આવી છે.જય જલિયાણ સેવા કેમ્પમા વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને સાંસદ પરબતભાઈ પટેલ તેમજ જિલ્લા કલેકટર આનંદભાઈ પટેલ હાજર રહી માઈ ભક્તોને પ્રસાદ પીરસ્યો હતો.આ બાબતે સેવાભાવી હિતેશભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે પરિક્રમાને લઈ ભક્તોમાં અનેરો આનંદ જોવા મળે છે દિન પ્રતિ દિન પરિક્રમા પથ પર માઈ ભક્તો ૫૧ શક્તિપીઠના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે દર વર્ષે જય જલીયાણ સેવા કેમ્પ દ્વારા દાંતા ખાતે અંબાજી પદયાત્રા દરમ્યાન કેમ્પ યોજવામાં આવે છે તેમાં લાખો લોકો ભોજન ગ્રહણ કરે છે આ ગબ્બર પરિક્રમા યાત્રામાં પણ અમોને સેવાનો લાભ મળ્યો છે.માઈ ભકતો અમારા કેમ્પમાં વિસામો કરે છે અને જય અંબેના નાદ સાથે પરિક્રમા પૂર્ણ કરી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં અંદાજિત ૬૦૦૦૦ થી વધુ માઈ ભક્તોએ અલ્પહારના ભોજન પ્રસાદની સેવાનો લાભ લીધો હતો.

# ડીસાના રાણપુર રોડ ઉપર ટ્રક અને જીપડાલું ટકરાતા ૪ ઘવાયા

ડીસા, તા. ૧૫

ડીસા તાલુકાના વાસણા ગામેથી રસોઈયાઓની ટીમ રાણપુર ગામે જીપડાલામાં લગ્ન પ્રસંગમાં જઈ રહી હતી અને જીપડાલામાં સવાર લોકો ડીસા રાણપુર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે સામેથી આવેલી ટ્રક અને જીપડાલુ સામ સામે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાલક અને બે મહિલાઓ સહિત કુલ ચાર લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાને પગલે આજુબાજુના લોકો અને ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની ટીમ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

અને અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત રમેશ ધૂંખ, રેખાબેન ધૂંખ, વિમળાબેન ધૂંખ અને હાર્દિક લગોટીને સારવાર અર્થે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા જ ડીસા ઉત્તર પોલીસ મથકની ટીમ પણ અકસ્માત સ્થળે પહોંચી હતી. અકસ્માત બાદ ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો. જ્યારે પોલીસે ટ્રકના ક્લીનરની પૂછપરછ કરી ફરાર ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી છે.

## છોડેંગે ન હમ તેરા સાથ ઓ સાથી મરતે દમ તક

# મોડાસાના નિવૃત્ત બેંક સેવક પતિ-પત્નીના અનોખા પ્રેમ, હુંફ,લાગણીની કહાની

મોડાસા,તા. ૧૫

સમગ્ર વિશ્વ અત્યારે વેલેન્ટાઈન ડેની ઉજવણી કરી રહ્યું છે . યુવા હૈયાઓએ વેલેન્ટાનઈ વિકને લઈ વિવિધ દિવસોની ઉજવણી કરી આજે વેલેન્ટાઈન ડે ના દિવસે પ્રેમ યુવક-યુવતીઓ એક બીજા સાથે પ્રેમનો એકરાર કરતા હોય છે ત્યારે આજના યુગમાં કહેવાતો સાચો પ્રેમ માત્ર ખાસ દિવસો પુરતો જ પ્રેમ સિમિત બની ગયો હોય તેવું લાગી રહ્યું છે ત્યારે મોડાસાના એક વૃધ્ધ કપલના પ્રેમ , હુંફ અને લાગણીની કહાની આજના યુવાનો માટે શીખ આપે તેવો બની રહે તેમ છે. મોડાસાની સહકારી બેંકમાં સેવક તરીકેની ફરજ બજાવી વર્ષ ૨૦૧૦માં નિવૃત્ત થયેલા જશુભાઈ ભાટીયા અને જયાબેન મોડાસા ખાતે પોતાનું જીવન વિતાવી રહ્યા છે તેમના પુત્ર વિદેશ સ્થિત છે ત્યારે જયાબેન છેલ્લા દસ વર્ષથી અસાધ્ય લાંબી બિમારીનો શિકાર બનતાં પોતાની દૈનિક ક્રિયાઓ પણ કરી શકતા નથી ત્યારે લગ્નના સાતફેરા વખતે આપેલ વચન નિભાવીને જશુભાઈ પોતાની બિમાર પત્નિના પડછાયાની જેમ હાજર રહી સેવા કરી રહયા છે તો દિકરો પણ વિદેશ રહી બિમાર



માતાની સારી રીતે સારસંભાળ લઈ રહ્યો છે. વર્ષો સુધી બેંકમાં સેવક તરીકે ની ફરજ બજાવી નિવૃત થયેલા જશુભાઈ આજે આશરે સિતેર વર્ષની ઉંમરે પણ પોતાની પત્નિ પ્રત્યેના પ્રેમ અને લાગણીના સેવક બની સાચો પતિ ધર્મ નિભાવી રહ્યા છે . પલંગ પર થી માંડ ઉભા થતાં જયાબેન માટે જશુભાઈ વહેલી સવારે ઉઠી ચા – નાસ્તો બનાવા થી લઈને દૈનિક તમામ ક્રિયાઓમાં સંપુર્ણ રીતે સાથ આપી સમાજમાં સાચા પ્રેમનું ઉદાહરણ પુરુ પાડયું છે. આજના સમયમાં છુટાછેડા તેમજ બ્રેકઅપ જેવા કિસ્સાઓનું પ્રમાણ વધ્યું છે ત્યારે જિંદગીમાં કયારે વેલેન્ટાઈન ડે ની ઉજવણી ન કરનાર જશુભાઈ ની પોતાના પ્રિયપાત્ર માટેની પ્રેમ , લાગણી અને હુંફ ઘણો મોટો સંદેશ આજની પેઢીને આપી જાય છે . આજના યુવાહૈયાઓ પોતાના પ્રિયપાત્રોને કહેવાતા ખાસ દિવસો પર મોઘીદાટ ગીફટો આપી ખુશ કરવા પ્રયત્નો કરતાં હોય છે ત્યારે આજના સમયમાં જરૂરિયાત પુરતા બની ગયે.

## અરવલ્લી જીલ્લામાં વેલેન્ટાઈન ડે ની ઉલ્લાસપૂર્વક ઉજવણી

# મોડાસામાં ગુલાબના ફૂલ ૩૦થી ૫૦ રૂપિયા ખરીદી પ્રેમનો એકરાર : વેલેન્ટાઈન ડેની કપલ્સ દ્વારા ઉજવણી

મોડાસા, તા. ૧૫

વિશ્વભરમાં પ્રેમ ના તહેવાર તરીકે ઉજવાતા અને વિશ્વભરના યુવાધન માં પ્રેમ ને એકરાર કરવા



માટે મહત્વનો દિવસ ગણાતા ૧૪ ફેબ્રુઆરી વેલન્ટાઈન ડે ની ઉજવણી માં અરવલ્લી જીલ્લામાં યુવાનો-યુવતીઓમાં ભારે થનગનાટ સાથે દિવસભર એકબીજાને પ્રેમ અને અવનવી ભેટ સોગાદોની આપલે કરી પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરી પશ્ચિમી સંસ્કૃતિના આ પ્રેમના પર્વની ઉજવણી કરી હતી મોડાસા શહેરમાં વેલન્ટાઈન ડે ની અગાઉની રાત્રી એ બજારમાં ગુલાબના ફૂલ વેંચતા ફેરિયાઓને ત્યાં ખરીદી કરવા યુવા હૈયાઓ અને કપલ્સ પણ ઉમટ્યા હતા.મૂળ પશ્ચિમી સંસ્કૃતિનો અને છેલ્લા કેટલાય વર્ષોથી ભારત માં પ્રચલિત થયેલ વેલેન્ટાઈન ડે એટલે પ્રેમ પર્વની ભારત માં પણ સૌ કોઈ ઉમંગ ભેર ઉજવણી કરી રહ્યા છે અરવલ્લી જીલ્લાના શહેરી વિસ્તારો સહીત ગ્રામ્ય વિસ્તારોના યુવાધનમાં પણ વેલેન્ટાઈન ડે ની ઉજવણી માં મશગુલ બન્યા હતા વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરવા અને પ્રેમની અભિવ્યક્તિ દર્શાવવા માટે યુવકો-યુવતીઓ એ બજારો અને ગિફ્ટ આર્ટિકલ ની દુકાનો માંથી ટેડીબીયર,લવ હાર્ટ શો પીસ,વોલપીસ,લવ બેન્ડ સહીત અવનવી ગિફ્ટ આપી હતી કોલેજ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એ વેલેન્ટાઈન ડે દિવસ ને વિશેષ દિવસ બનાવવા અવનવા આયોજન કરી ઉજવણી કરી હતી મોડાસા શહેરમાં વેલેન્ટાઈન ડે ની અગાઉની રાત્રી એ બજારમાં ગુલાબના ફૂલ ૩૦ થી ૫૦ રૂપિયાના ભાવે યુવાહૈયાઓ અને પતિ-પત્ની દ્વારા ખરીદવામાં આવ્યા હતા

વેલેન્ટાઈન ડે ની ઉજવણીના મેસેજ અને પોસ્ટ શોશ્યલ મીડિયા માં આપલે કરી પ્રેમના અભિવ્યક્તિના તહેવારને પ્રોત્સાહન અપાતા મેસેજે ધૂમ મચાવી હતી

# બનાસકાંઠા જિલ્લા ભાજપ સંગઠનના તમામ સભ્યો હોદ્દેદારો ને ઘર ભેગા કરાયા!

**જિલ્લાની નવ બેઠકો પૈકી માત્ર ચાર ઉપર જ કેસરિયો લહેરાયો : સંગઠનના પદાધિકારીઓ નગરપાલિકા અને સંસ્થાઓમાં વહીવટમાં જ રચ્યા રહેતા હોવાના આક્ષેપો : જિલ્લા ભાજપ ના નવા કાર્યાલય નો જમીન અને બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન નો હિસાબ અધ્ધરતાલ : પાલનપુરના વિકાસ નકશા ને મંજૂર કરાવવા બિલ્ડર લોબી માટે લાલ જાજમ**

પાલનપુર તા.૧૫

ઉત્તર ગુજરાતના સરહદી જિલ્લા બનાસકાંઠામાં જિલ્લા ભાજપ સંગઠન માટે ગત તારીખ ૧૩ મી ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ તુર્કી જેવો ભૂકંપ આવ્યો હતો. પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ થી પ્રદેશ અધ્યક્ષ સી .આર . પાટીલ ની સુચના થી જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે કાર્યરત ગુમાનસિંહ ચૌહાણ ના સ્થાને નવા પ્રમુખ તરીકે ગત વિધાનસભાની ચૂંટણીમાં હારી ગયેલા પૂર્વ શિક્ષણ મંત્રી કીર્તિ સિંહ વાઘેલા ને બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે જાહેર કરાયા હતા.

બપોર પછી આ સમાચાર વાયુ વેગે જિલ્લાભરમાં ભાજપના કાર્યકર્તાઓમાં અને આમ જનતામાં તથા સરકારી અર્થસરકારી કર્મચારી અધિકારીઓ ના મોબાઈલ માં રણકી રણકી દ્વારા ચમકી ગયા હતા.

આમ અચાનક જિલ્લા ભાજપ સંગઠનને પ્રદેશ ભાજપે ઘર સંભાળવાનો હુકમ કરતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ અંગે "ગાંધીનગર સમાચાર" બનાસકાંઠા જિલ્લા સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર સાથે વાત કરતા તત્કાલીન જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ એ જણાવ્યું હતું કે, મારી માતાની તબિયત નાદુરસ્ત રહેતી હોય અને પારિવારિક જવાબદારી ના લીધે મેં રાજીનામું આપ્યું છે. હવે નવા જિલ્લા પ્રમુખ કિર્તીસિંહ વાઘેલા જી સંગઠનના નવા પદાધિકારીઓને નિમણૂક કરશે તેમ જણાવ્યું હતું.

હવે જોવાનું એ છે કે, બે માસ પહેલા યોજાઈ ગયેલ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં પ્રચાર અર્થે આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી આદિત્ય નાથ યોગી સહિત અનેક સ્ટારપ્રચારકો રાત દિવસ એક કર્યા હતા. છતાં પણ બે બેઠક ઉપરથી માત્ર ચાર બેઠક ઉપર જ ભાજપ કેસરિયો લહેરાવવામાં સફળ રહ્યો હતો!!! અને ભાજપે બનાસકાંઠા જિલ્લામાંથી કોંગ્રેસને નેસ્ત નાબૂદ કરવા ની મહેનત પર પાણી ફરી વળ્યું હતું.જિલ્લા ભાજપ સંગઠનના પણ જૂથવાદ ચરમશીમાએ પહોંચ્યો હતો. જિલ્લાની નગરપાલિકાઓ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ તાલુકા જિલ્લા સહકારી અને ખરીદ વેચાણ સંઘો અને અન્ય સંસ્થાઓમાં વહીવટમાં જિલ્લા ભાજપ ના સૂત્રધારો દ્વારા વારંવાર નાનું કામ હોય કે મોટું કામ હોય તમામમાં માથું મારવાની દાદાગીરી ની વાતો અને પુરાવાઓ પ્રદેશ સુધી પહોંચ્યા હતા.

જિલ્લા ભાજપના તત્કાલીન સત્તાધીશો સાથે જે તે સંસ્થાઓમાં પ્રમુખ કે ચેરમેનો કે મંત્રીઓ સાથે વહીવટમાં સેટિંગ કરવાની અદભુત કળા ધરાવતો એક યુવા ભાજપ માં સારું સ્થાન ધરાવતો વ્યક્તિ પણ પ્રદેશ ભાજપના આ આદેશને લીધે ભારે વ્યાકુળ પરિસ્થિતિમાં મુકાયો હોવાનું કેટલાક કાર્યકર્તાઓમાં જોર શોરથી ચર્ચા તું હતું.

વળી પાલનપુર નો વિકાસ નકશો વારંવાર ગાંધીનગર મંજૂરી અર્થે મોકલવામાં પાલનપુરની બિલ્ડર લોબી અને જમીન માફીયાઓ માટે કરોડો રૂપિયા ની લેતી દેતી નો વહીવટ કરી યેન કેન પ્રકારે વિકાસ નકશો મંજૂર કરાવવા ગાંધીનગર મોકલાયો હતો.

આમ નગરપાલિકાના સત્તાધીશો વર્તમાન અને તત્કાલીન તથા શહેર અને જિલ્લા ભાજપ સંગઠન દ્વારા શહેરના હિત અને આમ જનતા ના હીત ને એક બાજુ હડસેલી બિલ્ડર અને જમીન લોબી માટે લાલ જાજમ બિછાવાઈ હતી.

આવા અનેક કારણો અને ચૂંટણી ટાણે માત્ર પોતાના માનિતા ઉમેદવારો માટે જ ચૂંટણી જંગમાં પ્રચાર અને મહેનત કરવામાં આવી હોવાના ભાજપના ગુપ્તચરો ના અહેવાલો બાદ પ્રદેશ ભાજપ દ્વારા બનાસકાંઠા જિલ્લા ભાજપ ની બોડીને ઘરનો રસ્તો બતાવ્યો હોવાના અનેક કારણોની ચર્ચા જિલ્લાના બુદ્ધિજીવી વર્ગ અને ભાજપના પાયાના અદના કાર્યકર્તાઓ અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓમાં ઉદભવી છે. પ્રદેશ ભાજપના આદેશથી બનાસકાંઠા જિલ્લા ભાજપના કાર્યકર્તાઓ અને અગ્રણીઓમાં ભારે માહોલ ગરમાયેલો જોવા મળે છે.